# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-07-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ:

ગઇકાલથી કચ્છ પર મેઘરાજા મહેરબાન થયા હોય તેમ જિલ્લાના તમામ તાલુકામાં વરસાદ પડ્યો છે. ભુજ, અંજાર, ગાંધીધામ, રાપર, ભચાઉ, અબડાસા, લખપત, બન્ની સહિતના અનેક વિસ્તારોમાં વરસાદે પોતાની હાજરી નોંધાવી છે. વરસાદના પગલે ઠેર ઠેર તળાવો ઓગનતાં વધામણીની ઉજવણીનો માહોલ સર્જાયો છે. જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળતી મહિતી અનુસાર આજે સવારે છ વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધીમાં લખપત તાલુકામાં 9 મિલીમીટર, અંજારમાં 27, ભુજમાં 6, નખત્રાણામાં 22, અબડાસામાં 15, માંડવીમાં 47 મુન્દ્રામાં 9 મિલીમીટર વરસાદ નોંધાયો છે. આજે સૌથી વધુ વરસાદ ભચાઉ અને ગાંધીધામ તાલુકામાં 48 મિલીમીટર વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી સીઝનનો સૌથી વધુ વરસાદ ગાંધીધામ તાલુકામાં 373 મિલીમીટર એટલે કે 14.6 ઇંચ પડ્યો છે.

-----------------------------------------------------------------------------------

## નાની સિંચાઈના ડેમોમાં પાણી :

જિલ્લામાં મેઘમહેરના પગલે જળાશયોમાં નવા નીરની આવક થઇ છે. કચ્છમા નાની સંચાઇના 170 ડેમો પૈકી 13થી વધુ ડેમ ઓવરફ્લો થયા છે જ્યારે 96 ડેમમાં હાલે સીલ લેવલ કરતા ઉંચું પાણી ભરાયેલું છે અને 62 ડેમોમાં સીલ લેવલ કરતા નીચું પાણી છે. ભુજ તાલુકાના નાની સંચાઇના કુલ 35 ડેમો પૈકી 4 ડેમ ઓવરફલો થયા છે જેમાં નથ્થરકુઇ, સામત્રા, માનકુવા અને ચુનડીનો સમાવેશ થાય છે. માંડવી તાલુકાના 21 ડેમો પૈકી ઘોડાલખ ડેમ ઓવરફ્લો થયો છે. મુન્દ્રા તાલુકાના 11 પૈકી ગેલડા ડેમ ઓગની ગયો છે. નખત્રાણાના કુલ 16 ડેમો પૈકી ખારડીયા, કોટડા રોહા અને ઉમરાપર સહિત ચાર ડેમો છલકાઇ ગયા છે. અબડાસા તાલુકાનો

સણસરા ડેમ ઓગની ગયો છે. અંજાર, રાપર, લખપત અને ભચાઉ તાલુકામાં હજુ એક પણ નાની સિંચાઇનો ડેમ છલકાયો નથી.

---

## મધ્યમ સિંચાઈના ડેમમાં આવક:

કચ્છમાં સારા વરસાદના પગલે જિલ્લામાં મધ્યમસિંચાઇના કુલ 20 ડેમો પૈકી પાંચ ડેમ ઓવરફ્લો થઇ ગયા છે. કચ્છના સિંચાઇ વિભાગમાંથી પ્રાપ્ત વિગત અનુસાર અબડાસા તાલુકાનો કનકાવટી, રાપર તાલુકાનો ફત્તેહગઢ, ભુજ તાલુકાનો કાયલા, મુન્દ્રા તાલુકાનો કારાઘોઘા અને માંડવી તાલુકાનો ડોણ ડેમ ઓવરફ્લો થયો છે.

સમગ્ર રાજ્યમાં વરસાદના પગલે ૩૧ ડેમ હાઇ એલર્ટ, ૧૯ ડેમ એલર્ટ અને ૧૮ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી છે.

દરમિયાન ભારતીય હવામાન વિભાગ દ્વારા ગુજરાતનાં દરિયા કિનારાના વિસ્તારોમાં માછીમારોને 10 જુલાઇ સુધી દરિયો ન ખેડવા ચેતવણી પણ આપવામાં આવી છે.

---

## ભુજમાં મોકડ્રીલ:

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ભુજ અને ભારતીય વાયુસેના દ્વારા ભુજ એરપોર્ટ ખાતે સત્તાવાર રીતે આજે પુર્ણ સ્તરીય ઇમરજન્સી મોકડ્રીલનુ આયોજન કરાયુ હતું. નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સૂચનાઓ અનુસાર વિમાન અકસ્માત કે દુર્ઘટનાના કિસ્સામાં ત્વરીત કાર્યવાહી કરવા માટેની મોકડ્રીલનુ આયોજન કરાયું હતું. ભુજ એરપોર્ટ ઓથોરીટીએ પાલારાથી એકાદ કિલોમીટર દુર પ્લેન ક્રેશ દુર્ઘટના અંગેની મોકડ્રીલ યોજી હતી. આ મોકડ્રીલમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ, જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને અગ્નિશમન દળ, વાયુસેના અને આરોગ્ય વિભાગ જોડાયું હતું.

---

## નાગોર-બે બહેનોના મોત :

કચ્છમાં સાર્વત્રીક મેઘમહેર વચ્ચે ભુજ તાલુકાના નાગોર પાસે પાણી ભરેલા ખાડામાં ડૂબી જતા બે સગી બહેનોના મૃત્યુ નિપજ્યા છે. બપોરના અરસામાં બનેલી ઘટનામાં પાણી ભરેલો મોટો ખાડો જોઇને બન્ને બેહનો તેમાં નાહવા પડી હતી પરંતુ ખાડો ઉંડો હોતા તેઓ ડૂબી ગઇ હતી. મરણ જનાર 18 વર્ષીય હમીદાબાઇ અબ્દુલ્લા સમા અને 16 વર્ષિય નાની બહેન અફસાના સમા બેઉ પાણી ભરવા ગઇ હતી ત્યારે આ ઘટના સર્જાઇ હતી.

દરમિયાન ભુજના રૂદ્રાણી ડેમમાં એક યુવકનું ડુબી જવાથી મૃત્યુ થયું હોવાના અહેવાલો સામે આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરાશે.:

આરોગ્ય વિભાગ દ્વારા વસ્તી સ્થિરતા લાવવા અને વસ્તી વધારા બાબતે જાગૃતિ લાવવા તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓ "વિશ્વ વસ્તી દિવસ" ની ઉજવણી કરવામાં આવશે. 11 જુલાઇથી 18 જુલાઇ દરમિયાન "માં બનવાની ઉંમર એ જ, જ્યારે શરીર અને મન તૈયાર હોય" થીમ હેઠળ કચ્છમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન "વિશ્વ વસ્તી દિવસ" ઝુંબેશની ઉજવણી કરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.મિતેષ ભંડેરી એ જણાવ્યું હતું કે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શરૂ કરેલ આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ માતા અને બાળકોના આરોગ્ય તેમજ સુખાકારી માટે ગર્ભાવસ્થામાં યોગ્ય અંતરના મહત્વ અંગે સમુદાયમાં જાગૃતિ લાવવાનો છે. કુટુંબ નિયોજન મહત્વ વિશે જન જાગૃતિ લાવવા માટે સામુદાયિક બેઠકો, કાર્યશાળાઓ અને પરીસંવાદો, ઘરે-ઘરે મુલાકાતો લઈ યોગ્ય સગર્ભાવસ્થાના અંતરના ફાયદાઓ વિશે પરિવારોને માહિતગાર કરવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## વરસાદના પગલે રસ્તા બિસ્માર:

કચ્છમાં વરસાદના પગલે આંતરીક રસ્તાઓ બિસ્માર બન્યા છે. ખાસ કરીને અબડાસ, નખત્રાણા અને માંડવી તાલુકામાં ગોને જોડતા આંતરિક રસ્તાઓ ધોવાઇ જતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. વરસાદી પાણીથી કોજવે ધોવાઇ જતા વાહન વ્યવહાર બાધીત થયા હતા. મંગવાણાથી મંજલ તરફ જતા રસ્તે કોજવે ધોવાઇ જતા રસ્તો બંધ થયો હતો. નખત્રાણા નલિયા માર્ગ પર ઠેર ઠેર ગાબડાઓ થતા વાહન ચાલકો માટે મુસીબત સર્જાઇ હતી.

---